# સંવત ૨૦૭૫નું રાશિવાર ભવિષ્ય

યોગ બને. માનસિક દૃષ્ટિએ અણગમતા બનાવો બને. યાત્રા મુસાફરી કષ્ટદાયી નિવડે કૌટુંબિક લાભ સારા મળે. તમારી પરોપકારી વૃત્તિમાં વધારો થાય. મર્યાદા ઓળંગાય તેવા કાર્યોથી દૂર રહેવું જરૂરી બને.

શનિ આખું વર્ષ તમારા અગિયારમા લાભભાવે રહે છે. જે અહીં શુભ ફળ આપશે. આંતરિક-માનસિક અશાંતિ રહે. અણધાર્યા ખર્ચના પ્રસંગો બને. ભૌતિક સુખ સમૃદ્ધિમાં વધારો થાય. જવાબદારીની મર્યાદા ઓળંગાય તેવા કાર્યોથી દૂર રહેવું. માનસિક દૃષ્ટિએ અણગમતા બનાવો બને. ભાઈ-ભાંડુ સાથે મનદુ:ખના પ્રસંગો બને. સ્થાનવૃદ્ધિ થવા છતાં યોગ્ય આર્થિક લાભ ન મેળવી શકો. વૈભવી જીવન પ્રત્યેનું તમારું આકર્ષણ વધશે. આરોગ્ય અંગેની કાળજી રાખવી. વ્યવસાયિક કાર્યો કે ધ્યેયલક્ષી મુસાફરીના યોગ બને. તમારી વર્તણુંક પરિવારના સભ્યોને રહસ્યમય લાગે. કાનૂની કાર્યોમાં સંભાળવું. કોઈના ઋણાનુબંધ તળે ન અવાય તેની કાળજી રાખવી. પારિવારિક જવાબદારી નિભાવવામાં તમે પાછા પડતાં જણાવ. આનંદ અને પીડાના મિશ્ર અનુભવ કરશો.

વર્ષની શરૂઆતમાં રાહુ તમારા છઠ્ઠા સ્થાને રહે છે. આરોગ્ય બાબતે અનેક નાની-મોટી તકલીફો રહે. માનસિક અસ્વસ્થતા વધુ રહે. બિમારી તરફનું દુર્લક્ષ્ય સેવવું યોગ્ય ન ગણાય. નોકરિયાત વર્ગને ઉપરીવર્ગ તેમજ સહકાર્યકરો સાથે અણબનાવ રહે. હરીફવર્ગથી સંભાળવું. યોગ્ય નિર્ણય ન લઈ શકતા તમારી પરેશાની વધે. હિતશત્રુઓમાં વધારો થાય. ખાનપાનની બેદરકારી શારીરિક નાની-મોટી તકલીફો રાખે. ધાર્મિક યાત્રા પ્રવાસ કષ્ટદાયી નિવડે. અંગત બચત વેડફાઈ જતી જણાય. તમે કરેલ આયોજન નકારાત્મક સાબિત થાય. વ્યવસાયિક મુસાફરી લાભદાયી નિવડે.

વર્ષની શરૂઆતમાં કેતુ તમારા બારમા સ્થાને રહે છે. આંતરિક-માનસિક-શારીરિક તકલીફો વધુ રહે. આકસ્મિક ખર્ચના અનેક યોગ બને. ધનસંપત્તિના પ્રશ્ને અવરોધ રૂકાવટો આવે. લાલચ અને પ્રલોભનોમાં ફસાઈ ન જવાય તેની કાળજી રાખવી. ધનવ્યયના અનેક યોગો બને. શારીરિક નાની-મોટી તકલીફો રહે. આર્થિક પ્રશ્નો ઉભા થતાં માનસિક અશાંતિ વધે.

તા. ૭-૩-૧૯થી રાહુ તમારા પાંચમા સ્થાને આવશે. સંતાન બાબતની નાની-મોટી તકલીફો રાખે. સાહસિક કાર્યોમાં સંભાળવું. નુકસાનના અનેક યોગ બને. આવકમાં ઘટાડો થતો જણાય. ખર્ચના અનેક પ્રસંગો બને. પેટ આંતરડા સંબધી નાની-મોટી તકલીફો રહે. નોકરિયાત વર્ગને ઉપરી વર્ગ તેમજ સહકાર્યકરો સાથે મનદુ:ખના પ્રસંગો બને. અનેક લોભામણી યોજનાઓમાં ફસાઈ નાણાંનો વ્યય કરશો. તમારી મનોવૃત્તિ બદલાતી જણાય. સમય અને સંજોગો આગળ તમે ઝૂકતા જશો. આર્થિક દેખાતો લાભ અદૃશ્ય થતો જણાય. સંતાનની પ્રગતિમાં રૂકાવટો આવે. તમારી આવક અનિયમિત થતી જણાય.

તા. ૭-૩-૧૯થી કેતુ તમારા અગયારમા લાભભાવે આવશે. જે આંતરિક શારીરિક તકલીફો રાખે. આર્થિક લાભો સારા થાય. મિત્રવર્ગ તરફથી સહાયતા સારી મળે. મોટા ભાઈ-ભાંડુ સાથે મતભેદો કે મનદુ:ખના પ્રસંગો બને. અણધાર્યા ધનલાભો સારા થાય. ભાગ્યને આધિન એવી ઘટનાઓ બનશે જે તમને હચમચાવશે. માનસિક બોજો વધતો જણાય. હિતશત્રુઓથી સંભાળવું.

સ્ત્રીઓ માટે :

સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. આંતરિક-માનસિક તેમજ શારીરિક નાની-મોટી તકલીફો રહે. જીવનસાથી સાથે મતભેદો સર્જાય. અંગત જીવનમાં તકલીફો ઉભી થાય. તમારી બદલાતી મનોવૃત્તિ તમને પરેશાન કરે. વિવેક અને મર્યાદા જાળવશો તો મુશ્કેલીમાં રાહત મેળવશો. વડિલવર્ગ સાથે નાની નાની બાબતમાં અણબનાવ રહે. પિત્ત વાયુ પ્રકૃતિને લગતા રોગોથી સંભાળવું. સંજોગો તમને પરવશ બનાવશે. સાંસારિક ઉપાધિઓ વધે. જવાબદારીની મર્યાદા ન ઓળંગાય તેની કાળજી રાખવી. વડિલવર્ગની તબિયતની કાળજી રાખવી. પારિવારિક જવાબદારી વધતી જણાય. ધાર્મિક યાત્રા પ્રવાસ કષ્ટદાયી નિવડે. વ્યવસાયિક કાર્યો કરતી સ્ત્રીઓને નુકસાની ભોગવવી પડે. સંતાન સાથે મતભેદો રહે.

વિદ્યાર્થીઓ માટે :

વિદ્યાર્થીઓને આ વર્ષ અનેક મુશ્કેલીઓનો સામનો કરાવે. મહેનત પરિશ્રમનું ફળ બીજાને મળતું જણાય. શારીરિક તકલીફોના કારણે તમે અભ્યાસ પરત્વે ધ્યાન ન આપી શકો. ડિગ્રી પ્રાપ્તિવાળા વિદ્યાર્થીઓએ ખૂબ જ કાળજી રાખવાની જરૂર જણાય. ઈતર પ્રવૃત્તિ અને કૌટુંબિક પ્રશ્નો તમને અભ્યાસથી વિમુખ કરે. પુરુષાર્થનું યોગ્ય ફળ મળતું ન જણાય. કૌટુંબિક ગેરસમજોને કારણે માનસિક ટેન્શન રહે.

## મીન : (દ.ચ.ઝ.થ.) :

વિ.સં. ૨૦૭૫ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા નવમા ભાગ્યભાવે રહેતાં તા. ૨૯-૩-૨૦૧૯થી તમારા દસમા કર્મસ્થાને આવશે. તા. ૨૨-૪-૨૦૧૯થી વક્રી ગુરૂ તમારા નવમા ભાગ્યભાવે આવશે. શનિ આખું વર્ષ તમારા દસમા કર્મસ્થાને રહે છે. રાહુ વર્ષની શરૂઆતમાં તમારા પાંચમે અને કેતુ અગિયારમે રહેતાં તા. ૭-૩-૨૦૧૯થી રાહુ તમારા ચોથા સુખભાવે અને કેતુ તમારા દસમા કર્મસ્થાને આવશે.




વર્ષની શરઆતમાં ગુરૂ તમારા નવમા ભાગ્યભાવે રહે છે. ભાગ્યવૃદ્ધિની અનેક તકો આવવા છતાં ભાગ્યવૃદ્ધિમાં અવરોધો આવે. ધાર્મિક કાર્યો સારા થાય. સ્થાવર મિલ્કતમાં વધારો થાય. તમે વૈભવી અને મોભાયુક્ત જીવન જીવવાના આદતી બનશો. અહીં તમે તમારું આગવું વ્યકિતત્વ કેળવશો. સામાજિક કાર્યો સારા થાય. સંતાન સુખ સારું રહે. સંતાનની પ્રગતિ થાય. ભાગ્યવૃદ્ધિના કાર્યોમાં અવરોધ-રૂકાવટો આવવા છતાં સફળતા સારી મળે. કૌટુંબિક તેમજ બહારથી યશ-માન-પ્રતિષ્ઠાના પૂર્ણ યોગો બને. ભાઈભાંડુના જીવનમાં શુભ માંગલિક કાર્યો થાય. કૌટુંબિક આર્થિક વ્યય વધુ થાય.

તા. ૨૯-૩-૨૦૧૯થી ગુરૂ તમારા દસમા કર્મસ્થાને આવશે. જે આજીવિકા સંબંધી કાર્યોમાં ફેરફાર કરાવશે. ધંધા વ્યવસાયિક કાર્યો સારા થાય. નોકરિયાત વર્ગને સહકાર્યકરો સાથે અણબનાવ રહે. તા. ૨૨-૪-૨૦૧૯ સુધી સાથે શનિ-કેતુ રહેતા અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે. જરૂરિયાત વગરના ખર્ચાઓ થાય. તમે ભય અને નિર્ભયની વચ્ચે સ્વસ્થ રહેવાનો નિરર્થક પ્રયાસ કરશો. અંગત વ્યકિત દ્વારા ધંધા-વ્યવસાયિક લાભો મેળવશો. નવીન સાહસિક કાર્યો કરવાની પ્રેરણા મળે. બીજા પરનો વધુ પડતો વિશ્વાસ ક્યારેક મુશ્કેલીમાં મુકી દે. નોકરિયાત વર્ગને બઢતી કે પ્રમોશનના ચાન્સ સારા મળે. તમે જવાબદારીથી મુકત થવાની કોશિષ કરશો. જરૂરિયાત વગરના ખર્ચઓ વધે સામાજિક કાર્યો સારા થાય.

તા. ૨૨-૪-૨૦૧૯થી વક્રી ગુરૂ તમારા નવમા ભાગ્યભાવે આવશે. જે લાભદાયી હોવા છતાં કષ્ટકારી બને, યશ-માન-પ્રતિષ્ઠાની વૃદ્ધિ થાય. ધાર્મિક યાત્રા મુસાફરીના યોગ સારા બને. નવીન ઉમદા કાર્યો થાય. તમારી પરોપકારી વૃત્તિમાં વધારો થાય. શુભ માંગલિક કાર્યો સારા થાય. તમે ભૌતિક વૈભવી જીવન જીવવાના આદતી બનશો. વ્યવસાયિક કાર્યોમાં પ્રગતિ સારી થાય ભાઈ-ભાંડુના જીવનમાં શુભ માંગલિક કાર્યો થાય. ભાગ્યવૃદ્ધિની ઉજળી તકો આવવા છતાં યોગ્ય લાભ ન મેળવી શકો. ધાર્મિક કાર્યો પાછળ ધન વ્યય વધુ થાય.

શનિ આખું વર્ષ તમારા દસમા કર્મસ્થાને રહે છે. જે વધુ મહેનત-પરિશ્રમના યોગ બનાવે. તમે વ્યકિતગત જવાબદારી નિભાવવામાં પાછા પડતા જણાવ. તમારી કુટુંબ પ્રત્યેની જવાબદારી વધતી જણાય. નાણાંકીય મોટું સાહસ કરવાથી દૂર રહેવું જરુરી બને. વ્યવસાયિક કાર્યો કરનારને ઘણી જ તકલીફો વધે. કૌટુંબિક ખર્ચાઓ વધે. જવાબદારી પૂર્ણ કરવા ક્યારેક ઋણ લેવાની જરૂર જણાય. નવીન કાર્યોમાં વિલંબ થાય. નફાની પ્રવૃત્તિ દ્વારા માનભંગ થવાના યોગ બને. સામાજિક-આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડે. વડીલવર્ગ સાથે વૈચારિક મતભેદો કે ઘર્ષણ રહે. કૌટુંબિક તેમજ બહારથી યશ ઓછો મળે. ધાર્મિક યાત્રા મુસાફરી કષ્ટદાયી નિવડે. અહીં તમને વાસ્તવિક જીવનની કઠોરતાના દર્શન થાય. અંગત નાણાંકીય વ્યવહારમાં વફાદારી ન જાળવી શકો. માનસિક ટેન્શનો વધે. આકસ્મિક ખર્ચના અનેક યોગો બને. તમારી કાર્યપદ્ધતિ બદલાતી જણાય.

રાહુ વર્ષની શરૂઆતમાં તમારા પાંચમા સ્થાને રહે છે. જે સંતાન અંગેની નાની મોટી તકલીફો રાખે. સાહસિક કાર્યોમાં સંભાળવું. તમારી બુદ્ધિ અને વિચારોમાં ભ્રમ પેદા થાય. નોકરિયાત વર્ગને ઉપરી વર્ગ તેમજ સહકાર્યકરો સાથે સંબંધ બગડે નહીં તેની કાળજી રાખવી. કોઈના ઋણાનુબંધ ન થવાય તેની કાળજી રાખવી. બિનજરૂરી વિવાદથી દૂર રહેવું. ધંધા વ્યવસાયિકોને નુકસાનના યોગ બને. વડિલવર્ગ સાથે મનદુ:ખના પ્રસંગો બને. પેટ આંતરડાને લગતી તકલીફો રહે. શસ્ત્રક્રિયાથી સંભાળવું. પારકી ઉપાધિમાં ફસાઈ ન જવાય તેની કાળજી રાખવી.

કેતુ વર્ષની શરૂઆતમાં તમારા અગિયારમા લાભભાવે રહે છે જે મિશ્ર ફળદાયી ગણાય. મોટા ભાઈ-ભાંડુ સાથે મનદુ:ખના પ્રસંગો બને. અણધાર્યા ધનલાભો થાય. ભાગ્યને આધિન અનેક ઘટનાઓ બનવા છતાં કુદરતી બચાવ થાય. વ્યવસાયિક કાર્યોમાં ધારી સફળતા ન મળે. શારીરિક તકલીફો અંગેની બેદરકારી મોટી ઉપાધિ લાવે. બિનજરૂરી ખર્ચમાં કાપ મૂકવો જરૂરી બને. તા. ૭-૩-૨૦૧૯થી રાહુ તમારા ચોથા સુખભાવે આવશે. આંતરિક-માનસિક અશાંતિ રહે. બિનજરૂરી વાદવિવાદથી દૂર રહેવું યોગ્ય ગણાય. નોકરિયાત વર્ગને સહકાર્યકરો સાથે અણબનાવ રહે. આ સમયની કેટલીક ઘટનાઓ તમારા જીવનમાં પરિવર્તન લાવે. ગેરકાનૂની કાર્યોથી સંભાળવું. ધંધા વ્યવસાયિકોને નુકસાનના યોગો બને. વડિલવર્ગની તબિયતની કાળજી રાખવી, પરિવારના સભ્યો સાથે મનદુ:ખના પ્રસંગો બને. તમારી હારની બાજીને જીતમાં પલટાવવાની કોશિષ નિરર્થક નીવડતી જણાય. સાંસારિક ઉપાધિઓ રહે. વૈચારિક મતભેદો રહે.

તા. ૭-૩-૨૦૧૯થી કેતુ તમારા દસમા કર્મસ્થાને આવશે. અનેક લોભામણી લાલચો તમને આકર્ષિત કરશે. આજીવિકા સંબંધી સાધનોની ઉપેક્ષા થતી જણાય. પારિવારિક સંબંધોમાં તમને સ્વાર્થના દર્શન થશે. નોકરિયાત વર્ગને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે. બિનજરૂરી વાદવિવાદથી દૂર રહેવું. હિત અહિતની દૃષ્ટિએ તમારી કસોટી થતી જણાય. ધંધા વ્યવસાયિક મુસીબતો વધે ગેરકાનૂની કાર્યોથી સંભાળવું.

સ્ત્રીઓ માટે :

સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. આંતરિક શારીરિક તેમજ માનસિક અશાંતિ રહે. પરિવારના સભ્યો સાથે મનદુ:ખના પ્રસંગો બને સંતાન સાથે અણબનાવ રહે. સંતાન સંબંધી નાની-મોટી તકલીફો રહે. બિનજરુરી વાદવિવાદ ટાળવો. નોકરી કરતી સ્ત્રીઓને અનિશ્ચિત પરિવર્તનના યોગ બને. પેટ સંબંધી શારીરિક તકલીફો રહે. આંતરિક દામ્પત્યજીવન સંબંધી મતભેદો રહે. નજીવો વિચારભેદ વિગ્રહ સર્જે. તમારી બદલાતી મનોવૃત્તિના કારણે તમારે ઘણું સહન કરવું પડે. વડિલોપાર્જિત ધનસંપત્તિના પ્રશ્ને વિલંબ થાય. ધાર્મિક કાર્યો સારા થાય.

વિદ્યાર્થીઓ માટે :

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. મહેનત-પરિશ્રમ વધુ છતાં સફળતા નહીંવત મળે. કઠોર પરિશ્રમ જ તમારી સફળતાના પાયાને સ્થિર બનાવશે. ડીગ્રી પ્રાપ્તિ માટેના તમારા પ્રયત્નો સફળ થતાં જણાય. ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જવાની તમારી ઈચ્છા પૂર્ણ ન થતી જણાય. ઈતર પ્રવૃત્તિથી દૂર રહેવું જરુરી બને. આંતરિક-માનસિક અસ્વસ્થતા તમારા અભ્યાસમાં અવરોધક બને. સમયનો સદુપયોગ જરુરી બને. મિત્રવર્ગની મદદથી પ્રગતિ સારી થાય.





